GJBN020103962026

સ્વીકાર્યા તારીખ : ૨૭/૦૪/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૭/૦૪/૨૦૨૬
જજમેન્ટ તારીખ : ૩૧/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ

सत्यमेव जयते

**ભાવનગરના મહેરબાન એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ભાવનગર.**

**ક્રિમીનલ કેસ નં. ૮૭૨૮/૨૦૨૬**
**આંક : ૧૩**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : નરેશભાઈ ઉર્ફે નાનુ વલ્લભભાઈ ચૌહાણ**
ઉ.વ.૩૬, ધંધો : મજુરી
રહે.ભડી ગામ, તા.જી.ભાવનગર.

ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ – ૬૫એએ મુજબ

ફરીયાદપક્ષે : વિ.એપીપીશ્રી ડી.પી.કનાડા
આરોપીપક્ષે : વિ.વકીલશ્રી ડી.ડી.ભીલ

## :: જ જ મે ન્ટ ::

(૧) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ કલાક–૧૧/૧૫ વાગ્યાના સુમારે મોજે ભડી ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાંકી મકાનની પાછળ ખાલી જગ્યામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૧૦, કિં.રૂા.૨૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસની રેડ દરમ્યાન હાજર નહીં મળી આવી, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ અન્વયે સજાને પાત્ર ગુનો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ વરતેજ પોલીસ સ્ટેશને પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૮૦૬૭૨૬૦૧૧૦/૨૦૨૬ થી નોંધાવતા, સદર ફરીયાદના આધારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ આવી જતા, આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતા, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ મુજબના પોલીસ પેપર્સ તથા ચાર્જશીટની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩ અન્વયે આરોપીને ગુના અંગેની સમજ કરી, આરોપી સામે આંક–૪ થી ગુના અંગેનું તહોમતનામુ ફરમાવી, તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવીને, આરોપીનો આંક–૫ થી ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

(૩) સદર કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| **અનુ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ ગોરધનભાઈ ચકાભાઈ મકવાણા | ૭ |
| (૨) | પંચસાહેદ ભીમાભાઈ ઉકાભાઈ મોરી | ૯ |
| (૩) | ત.ક.અમલદાર કે.એસ.સોરઠીયા | ૧૦ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **અનુ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૮ |
| (૨) | ફરીયાદ | ૧૧ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેઓની હાજરીમાં તથા સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત કબુલી, બાકીની બાબતોનો ઈનકાર કરેલ છે. તેઓએ આરોપીને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ છે. વિશેષમાં આરોપી નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી ડી.પી.કનાડાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીના કબજા ભોગવટાના રહેણાંકી મકાનની પાછળ ખાલી જગ્યામાંથી દેશી દારૂ મળી આવેલ છે, જે પંચો રૂબરૂ પંચનામુ કરીને કબજે લેવામાં આવેલ અને આમ આરોપીની ગુનામાં પ્રત્યક્ષ સંડોવણી છે. આ કામે પંચોએ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચો સ્થાનીક હોય જેથી આરોપીની વિરૂધ્ધ જુબાની ન આપે તે સ્વાભાવિક છે. તપાસવામાં આવેલ પોલીસ સાહેદે ફરીયાદને પૂર્ણ સમર્થન આપેલ છે. આમ ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ છે, જેથી આરોપીને કડક સજા કરવા વિનંતી કરી છે.

(૬) આરોપીના વિ.વકીલશ્રી ડી.ડી.ભીલે દલીલ કરી જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ સાહેદ પોતે પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ છે. તેમજ સ્વતંત્ર સાહેદો બનાવ સ્થળેથી મળી શકે તેમ હતા છતાં ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોને લીધેલ નથી અને પંચો ફરી ગયેલા છે. આવા સંજોગોમાં મુદ્દામાલ આરોપીનો જ હતો તેવું માની શકાય નહીં તેમજ ફરીયાદપક્ષે એફ.એસ.એલ.નો રીપોર્ટ પણ રજૂ કરેલ નથી. તે રીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૭) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ કલાક–૧૧/૧૫ વાગ્યાના સુમારે મોજે ભડી ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાંકી મકાનની પાછળ ખાલી જગ્યામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૧૦, કિં.રૂા.૨૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસની રેડ દરમ્યાન હાજર નહીં મળી આવી, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો, અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

:: **કારણો** ::

**મુદ્દા નં.૧**

(૧૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂઘ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઘ્વારા રેકર્ડ પર રજૂ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપીપક્ષે ઉલટતપાસ ઘ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજૂ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌ પ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ શંકારહીતનો પુરાવો રજૂ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

(૧૧) ફરીયાદપક્ષે આરોપી સામે ગુનો પુરવાર કરવા માટે, આરોપીએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક વિસ્તારમાં દેશી દારૂ રાખેલ હોય અને પોલીસની રેડ દરમીયાન હાજર મળી આવેલ ન હોય, તે હકીકત રેકર્ડ પર પુરાવા ઘ્વારા પુરવાર થવી મહત્વની અને જરૂરી છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આંક–૭ થી પંચસાહેદ ગોરધનભાઈ ચકાભાઈ મકવાણા સોગંદ ઉપર એવો પુરાવો આપે

છે કે, વરતેજ પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર કાગળ ઉપર તેમની સહી કરાવેલી. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા નથી. પોલીસે તેઓની રૂબરૂ કોઈ આરોપીના કબજાનો દેશી દારૂ પકડેલ હોય અને તેનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓએ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક–૮ થી રજુ થયેલ છે.

સદર પંચસાહેદ પંચનામાની વિગતને સમર્થન આપતા નહીં હોવાથી વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી પંચસાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો સદર પંચસાહેદને પુછવાની પરવાનગી આપવા છતાં સદર પંચસાહેદની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર પંચસાહેદ પાસેથી કઢાવી શકેલ નથી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર પંચસાહેદ એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તૈયાર લખેલા કાગળ ઉપર તેમની સહી કરાવેલી, તે સિવાય પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નથી. એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તેઓની રુબરુ કોઈ આરોપીના કબજાનો દેશી દારૂ કબજે કરેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે બીજા પંચસાહેદ ભીમાભાઈ ઉકાભાઈ મોરી આંક–૯ થી સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, વરતેજ પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર કાગળ ઉપર તેમની સહી કરાવેલી. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂ કોઈ આરોપીના કબજાનો

દેશી દારૂ પકડેલ હોય અને તેનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓએ આંક-૮ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચસાહેદ પંચનામાની વિગતને સમર્થન આપતા નહીં હોવાથી વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી પંચસાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો સદર પંચસાહેદને પુછવાની પરવાનગી આપવા છતાં સદર પંચસાહેદની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર પંચસાહેદ પાસેથી કઢાવી શકેલ નથી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર પંચસાહેદ એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તૈયાર લખેલા કાગળ ઉપર તેમની સહી કરાવેલી, તે સિવાય પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નથી. એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તેઓની રુબરુ કોઈ આરોપીના કબજાનો દેશી દારૂ કબજે કરેલ નથી.

(૧૪) આમ સદર બંને પંચસાહેદોના પુરાવા ઉપરથી આંક-૮ ના મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતો પુરવાર થતી ન હોય, સદર બંને પંચસાહેદોનો પુરાવો આરોપી વિરૂધ્ધ પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક-૧૦ થી ત.ક.અમલદાર કે.એસ.સોરઠીયા સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ તેઓ વરતેજ પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન વરતેજ પો.સ્ટે.

ગુના નં.૧૧૦/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ–૬૫એએ મુજબની ફરિયાદી અ.પો.કો.પ્રકાશભાઈએ ફરિયાદ આપેલી. તેઓએ ફરિયાદમાં ફરિયાદીની સહિ ઓળખી બતાવતા તે આંક–૧૧ થી રજુ થયેલ છે. ફરિયાદની તપાસ હાલના સાહેદને મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. સદર ગુનાના કામે તેઓ રેડ દરમ્યાન સાથે હતા. આ કામના આરોપી નાનુભાઈ વલ્લભભાઈ ચૌહાણના કબજા ભોગવટાના મકાનની પાછળ ખાલી જગ્યામાંથી દેશી દારૂ લી.૧૦ કિ.રૂા.૨૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ બે પંચો રુબરુ કબજે કરેલ. સદર ગુન્હાના કામે તેઓએ લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલા તથા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતા કોર્ટમાં ચાર્જશીટ કરેલી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે સદર ગુન્હાના કામે તેઓએ ગુન્હાવાળી જગ્યાની માલીકીનો આધાર પુરાવો સામેલ રાખેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે ફરિયાદમાં પંચોના નામ લખેલા નથી. એ હકીકત સ્વીકારે છે કે આ કામના પંચો પોલીસના રેગ્યુલર પંચો છે. એ હકીકત સ્વીકારે છે કે ગુન્હાવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાન આવેલા છે અને ત્યાં વાહનો તથા માણસોની સતત અવર જવર રહે છે. એ હકીકત સ્વીકારે છે કે તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે આરોપી રેડ દરમ્યાન હાજર મળી આવેલ નહી. એ હકીકત સ્વીકારે છે કે રેડમાં તેઓ સાથે હતા અને તપાસ પણ તેમણે કરેલ છે. એ બાબતનો ઈનકાર કરેલ છે કે આરોપી સામે પુરાવો ના હોવા છતાં તેઓએ સારી કામગીરી બતાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૬) આ કામે ઉભયપક્ષની દલીલો સાંભળીને ધ્યાને લીધી. રજૂ થયેલ રેકર્ડ અને પુરાવો વંચાણે લેતા, તપાસવામાં આવેલ સાહેદ પોતે પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ છે. વળી તેમની જુબાનીમાં કબુલ કર્યા મુજબ ગુનાવાળી જગ્યા રહેણાંકવાળો અને લોકોની સતત અવરજવરવાળો વિસ્તાર છે અને તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. આમ જયારે કોઈ સાહેદ પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ હોય, ત્યારે સ્વતંત્ર અને તટસ્થ સાહેદનો પુરાવો મહત્વનો બની રહે છે. હાલના કિસ્સામાં સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદારશ્રીએ મેળવવા પ્રયત્ન કરેલો નથી. તેમજ પંચસાહેદો કે જેઓએ પંચનામામાં સહી કરેલી છે, પરંતુ તેઓ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને માત્ર પોતાની સહીઓ પોલીસે તૈયાર પંચનામામાં લઈ લીધાનું જણાવેલ છે. તેથી આંક–૭ ના તથા આંક–૯ ના પંચસાહેદો આંક–૮ ના દારૂ કબજે કર્યાના પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતા ન હોય, આરોપીનો કબજો માની શકાય નહીં. આમ તપાસવામાં આવેલ સાહેદ કે જેઓ પોલીસ સાહેદ છે અને તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી, તેથી માત્ર તેઓના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી તેમજ ફરીયાદપક્ષે મુદ્દામાલનો પૃથ્થકરણ રીપોર્ટ પણ રજૂ કરેલ નથી. આમ મુદ્દામાલ દારૂ જ હતો અને સદર મુદ્દામાલ દારૂનો કબજો આરોપીનો જ હતો તે મુદ્દો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

આમ રજુ થયેલ પુરાવા ઉપરથી, આરોપીના કબજા ભોગવટાના રહેણાંકી મકાનની પાછળ ખાલી જગ્યામાંથી પ્રોહી મુદ્દામાલ દેશી દારૂ રીકવર કરવામાં આવ્યો છે તે બાબત ફરીયાદપક્ષ તટસ્થ અને સ્વતંત્ર પુરાવાથી સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આરોપી **નરેશભાઈ ઉર્ફે નાનુ વલ્લભભાઈ ચૌહાણ**નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) સદરહુ કેસમાં અપીલ/રીવીઝન થાય તો આરોપીની હાજરી સહેલાઈથી મળી આવે તે સારૂ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીના જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૩૧'મી માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૧/૦૭/૨૦૨૬
સ્થળ : ભાવનગર.

**(દિપિકા કિશનચંદ્ર મધનાની)**
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભાવનગર.
જીજે૦૧૪૪૭